આશા મોહિની.

(લોકપ્રિય લઘુ વાંચનમાળા નાં૦ ૧)

ગ. મણિશંકર ઇચ્છારામકૃત

આશા મોહિની.

છપાવી પ્રગટ કરનાર

એમ. એલ. ધોળકીયા.

મુંબાઈ.

સુબોધપ્રકાશ છાપખાનામાં છાપ્યું છે.

૧૮૯૨

मणौ वज्रसमुत्कीर्णे सूत्रस्येवास्ति मे गतिः।

આશા મોહિની.

સ્વચ્છ ઉન્હાળાની સાંજે જ્યારે આ-કાશી પિતા આકાશનાં પોલાં કાણાંમાંથી આપણું સૃષ્ટિ સૌંદર્ય જુએ છે, ત્યારે તેનાં દર્શન કરવા દોડતી મારી આશાભરી નજર કેમ અટકી જાય છે. અહો! પેલો ચળકતા શિખરવાળો પર્વત મારી વિચારમાં દોડતી આંખને પાછી વાળે છે. તેનું માથું તો ઠેઠ આકાશને અડયું છે. મારે તો એને મેરૂ કહેવો જોઇએ. અરે! પણ મારી નજર આગળના આ સુંદર દેખાવ મેલીને એ મેરૂ ઉપરજ મારી નજર કેમ ઠરે છે? હા, હા, મારે મરણ પછીતો એને મળવુંજ છે ને. પણ એ કેવડો મોટો અને કેટલો છેટો છે! જેમ જે ચીજ મેળવવી દુર્લભ તેમ તેમાં મો-હિની વધારે.

આશાએ કરી આપણે આપણા જીવનના માપ વગરના રસ્તા ઉપર પોતાના મનને રોજ રોજ નવાં નવાં વચનો આપતા આપતા આનંદથી ચાલ્યાં જઇએ છીએ અને રોજ રોજ દેવની અનહદ અને તરેહ તરેહની કારીગરી જોઇ તેને અનેક સ્વરૂપે ઓળખી તેનું તેજોમય સ્વરૂપ કે જે આકાશમાં પ્રકાશી રહેલું છે તેનાં દર્શનની ઇચ્છા રાખીએ છીએ.

હવે આપણું ભવિષ્ય કે જેનાપર ઝાંખો પડદો પડેલો છે તે જોઇ લેવાને કઇ બળવાન લાગણી આપણને ઉશ્કેરે છે? શું એવો કોઇ ડાહ્યો માણુસ છે કે જે આવતો કલાક આનંદથી ગુજારશે એવું ખાત્રીથી વચન આપી શકે છે? નથી. માણુસની અક્કલ પોતાનાં નશીબને અંધારામાંજ જુએછે. તેની દ્રષ્ટિમર્યાદા ફક્ત એક વહેંતગાંજ આવી રહેલી છે. સામા માણુસનું હૈયું કે જે તેનાથી એક

વહેંત દૂર છે તે તે જાણી શકતો નથી. તો પછી ઈશ્વરની ઇચ્છા પારખવાનો ફાંકો રાખવો એ કેવી ગાંડાઇ ? પણ જો આપણી અક્કલ આપણી નજર આગળ કોઇ ભવિષ્યનો દેખાવ ચિતરે તો તે બીજું કંઈ નહિ પણ ઇશ્વરના ઈશ્વરી નિયમોનું સહેજ વલણ હોવું જોઇએ.

હવે મારા ઇશ્વરનું ઘર જો હું ખોળું છું તો તે મારી આશાની મિઠાશમાં માલમ પડે છે. એ આકાશી તેજ મને છેવટનો આનંદ આપવા મારા જીવતરની સઘળી મુશીબતો ઉપરથી મારી આંખનું આકર્ષણ કરે છે. મારી વહાલી આશા, આ સંસાર સાગરની ઝાપટોમાંથી ફરી ફરીને ઉઠી રમત માંડવાની મોહિની તુંજ ધરાવે છે. હું ઘણી વાર જોઉં છું કે જો તું ઉત્પન્ન થઈ તો માણસ એકદમ પોતાના પગના અંગુઠા ઉપર ઉભો ટટાર થઇ જાય છે, દોડવા માંડે છે

વહાણુમાં બેશી હંકારી જાય છે, અથવા એવા હરકોઇ ખુશાલીને કે કીર્ત્તિને રસ્તે ધાવાની પ્રેરણા મેળવે છે.

અનાદિ આશા ! અમારા જુના દેવો કહે છે કે જ્યારે પૃથ્વી ઉપર મોંટો ઉત્પાત થાય છે; અને માણુસ તથા સઘળાં કુદરતી પ્રાણીઓ સ્થિતિ માટે શોક કરે છે; જ્યારે સર્વત્ર મોત અને મોતના દેખાવ થઇ રહે છે ; અથવા જ્યારે નવે ગ્રહો ફરી બેશી અવળા પડી દુઃખનો વરસાદ આ પૃથ્વી ઉપર વરસાવે છે ; જ્યારે બાપ દીકરાને અને ભાઇ ભાઈને મારવા તત્પર થાય છે; અથવા ચોતરફ ખુનખાર લડાઇ ચાલી રહેવાથી શાંતિ અને દયા મુલકમાંથી ઉભી પૂછડીએ ભાગી જાય છે; ત્યારે અનાદિ આશા! અદિતિના આકાશમાંથી તુંજ એકલી દર્શન દેછે. પાપને પ્રતાપે મિત્ર વગરના થએલા અહંકારી જીવને જ્યારે સૌ છોડી જાય છે,

ત્યારે એ મોહિની ! એ આશા ! તુંજ એકલી પાછળ રહે છે.

ફત્તેહનું ચિન્હ દેખાડી રહેલી આશા ! તારા મધુ બાગમાં સર્વ જાતની ચાકરીનાં ફળ ઉગે છે. વળી દરેક દુઃખમાં દિલાસો દેનારાં સુગંધી ફુલો પણ ત્યાંજ જોવામાં આવેછે. પ્યારી આશા ! તારા બગીચામાં જ્યારે હું મધમાખીનો ગણુગણાટ સાંભળું છું, ત્યારે મારૂં મન જાણે ખરેખર મધ ચાખતુ હોય એમ નિરંતર થયાં કરે છે. અમારા દેશના પવિત્ર યાત્રાળુ લોકો કે જેઓ વિકટ પંથે આવેલા તીર્થસ્થળોનું પર્યટણ ઉઘાડે પગે કરેછે તેઓ રસ્તામાં થાકયા પાકયા અને તાપથી તપેલા હોય તોપણ તારીજ લાલચમાંને લાલચમાં એવા બોલ ગોખતા ગોખતા ચાલ્યા જાય છે કે, "એ ગામ આવ્યું ! એ ગામ આવ્યું !" અમારા જુના કાળમાં જ્યારે ખેડુતોએ ખેતરમાં ચાસ

પાડયા હતા ત્યારે અમારા ભક્તજનોએ તારાં પરજ તોકલ કરી તંબુરા ઉપાડી ચાલવા માંડયું હતું. આશા ! તું માણસના મનમાં કેવા અદ્રષ્ય આકારો ઉત્પન્ન કરે છે ! અને કેવી ચપળતાથી ચિંતાતુર વિચારોને હાંકી કહાડે છે !

અમારી જીવન મૂર્ત્તિ આશા ! તારી રત્નજડિત પાંખો ઊપર બેશી ગીચમાં ગીચ જંગલોમાં આવેલા પૃથ્વીના ખુણા અગે ખો. ળી કાઢીએ છીએ અને છેટેમાં છેટેના દરીઆને કાંઠે પ્રદક્ષણા કરી લંગરવાર થઇએ છીએ. જુઓ ! જુઓ ! આ તડકે બળી રહેલા અમારા નાખુદાનાં વહાણ પાતાળી પાણીમાં કેવાં દોડયાં જાય છે ! અરે ! ગરીબ બિચારા જોખમમાં પડેલા આત્માઓ ! તમે તોફાની વાયુમાં ઉછરેલા છોતો ખરા, તોપણ જ્યારે તમારૂં બારકસ કોઇ તોફાનમાં ઘસડાય છે, અથવા કોઇ ખડક સાથે અથડાય

છે ત્યારે તમારા બહાદુર બદનમાં જે ચીરા પડે છે તે જોઈ મારી આંખમાં આંસૂ આવે છે. ખરેખર તે ટાણે તમારૂં મન રૂવે છે; તમારૂં ઘર ઘણું છેટું છે; તમારૂં ભાન મુઠીમાં પકડાઈ રહેલું છે; પણ આશા તમને ઉશ્કેરે છેને? એજ તમારા અતઃકરણને પોરસાવે છેને? અને જ્યારે તમે રાત્રે ઉજાગરા કરી ફરી પોતાને સહિ સલામત જુઓછો ત્યારે તમારૂં દીલગીર મન પાછું હોંસમાં કયાં ઉડે છે? તમારૂં ગામ તમારૂ ઘર ને તમારૂં બંદર બધું ઉતાવળું આવી તમારી નજર આગળ હાજર થ.ય છે. અને જ્યારે તમે પાછા તમારી જીવન દોરી સલામત લઇ તમારી સફર ફતેહમંદીથી પુરી કરી પાછા ઘર વળોછો ત્યારે શું તમે પવનની પહેલાં કાંઠે નથી ઉતારતા? અહા! પહેલાં એજ કાંઠે તમે ડુસ્કાં લઇને ચડયા હતા; અને હવે તમે તેપર કેવા આનંદથી

છલંગો મારોછો ? વળી પગલે પગલે તમને મિત્રોના હસતા અને વહાલા ચહેરાનાં દર્શન થાય છે, અને રસ્તામાં તેમને બાથમાં નાંખી મળતાં તમને જેટલીવાર લાગે છે તેટલી શું તમારી છાતી વધારે ઉશ્કેરાતી નથી ? અને જ્યારે તમે તમારૂં ફળિયું આનંદના પુકારોથી ગાજી ઉઠેલું અને તેમાં તમારી સ્ત્રીને વહાલ કરી દોડી આવતી જુઓછો ત્યારે શું તમે તમારી લાંબા વખતની જુદાઈની અંત્રા તોડી એકદમ તેની બાથમાં જઈ પડતા નથી કે ? તેનું ખુશાલી જણાવનાર આંસુનું ટીપું તમે કેવા પ્રેમથી તમારા હાથરૂમાલથી લુછ્યું છે ! અને તરત તમારા બચ્ચાંઓને દોડી આવતાં જોઈ તમે કેટલા પ્રેમથી તેમને ઉપાડી લઈ છાતી સાથે દાબ્યાં છે ! વળી તમારો નિમકહલાલ કુતરો કેટલા સત્કારથી ઉછળી ઉછળીને તમારો હુકમ માગવાની પ્યારથી ઇંતેજારી દેખાડે છે !

બહાદુર લોકોના મિત્ર ! દુઃખનું જ્યારે શીકા વાદળ દેશ ઉપર ચઢી આવે છે ત્યારે દ્રઢ સદ્દગુણી રાજાં તારા અનુપમ બળની મદદ માગે છે. અને જેમ લોહીની રાતી જાજમ બિછાવી મુડદાંઓના ઢગથી પાથરી દીધેલા મેદાન ઉપર ખડા કરેલા સુશોભિત તંબુમાં મુછે તાલ દઇ બેઠેલા આપણા સવાઇ બહાદુર સરદાર પાસે તાબે થએલા દુશ્મનો ધ્રુજતા ધ્રુજતા પગે લાગવા આવે છે. તેમ તમે કોઇને તોફાની દરીઆ પર નમાવેલા ખરા કે ? અને જ્યારે દુશ્મનનો કાફલો પોતાનો વાવટો ઉરાડતો ધશી આવે છે, ત્યારે તેઓ પોતાના લશ્કરની વ્યૂહ રચના કરે અને અભેદ્ય હાર બાંધે ત્યાં સુધી શું તમે સામા ઊભા રહી જોયાજ કીધું છે કે ? જ્યારે જળ અને સ્થળ બંને તરફથી દુશ્મનો ઉલટયા હોય છે, ત્યારે દેશના બહાદુર સિપાહો સ્થળને થાળે પાડી તમારી મદદે

આવે છે. અને જે બીજી જીત હજી તેમને મેળવવાની છે તે માટે હૈયામાં હામ રાખી શંખ નાદથી શુરા થવાને બદલે તમારા દરિયામાં વાગતા ઢોલપર ગવાતાં ગીતો શું તેઓ ધ્યાન દઇ સાંભળતા નથી ? અને જ્યારે પાછી તેમની સ્થળ ઉપર જરૂર પડે છે ત્યારે શું તમે તેમને કાંઠે પહોંચાડી દેવાની ઉતાવળ કરતા નથી કે ?

લોહીને વધારનારી આશા ! લાગણીઓને તેજ કરનારી તારી શક્તિના પ્રકાશિત ગુણના હું કેટલાં વખાણ કરૂં ! હું જોઉં છું કે પેલા બુલંદ મેરૂના શિખર ઉપર બુદ્ધિ ને જોડે જોડે લઇને તું બેઠી છે અને ત્યાં અમારી નજર ખેંચાવ માટે તારો સુવર્ણનો તેજસ્વી દંડ હલાવ હલાવ કરે છે. આવ ! ઈશ્વરની પુત્રિ આવ ! આવીને મૃત્યુ લોકમાં જાહેર કરકે અમ્મર કીર્ત્તિની યાદીમાં નામ દાખલ કરવાનું કામ એકલું તારૂં છે. જા ! કુદરતના

પૂજનથી દેવને ઓળખનારો ન્યુટન કેટલો દૂર છતાં એક તારાના તેજ જેવો પ્રકાશે છે! આ પૃથ્વિને એણે ખુબ તરેહથી માપી છે અને તેમ કરતાં આકાશમાંના જે જે તારાઓની એને મદદ લેવી પડી તે સઘળાને એણે નામ અને નંબર આપ્યાં છે. શું તું એનામાં બિરાજી તેથી તેને જાદૂ આવડ્યું હતુ ? લોકો એક દેવતાને નિરખે તેમ તેના તરફ અજાયબીથી કેમ જોતા હતા? આહા! તું જબરા જાદુની કરામાતથી અજવાળાનો વેગ અને અવાજનો ફેલાતો પ્રવાહ કરી દેછે. ફ્રેંકલીનની સાથે જઇ તે વીજળીની ભડકે બળતી પાંખો પકડી અને તેમ છતાં તું ડોયુ ડાકણુ નહિં તો શું દેવી છે?

પેલો સત્યયુગનો ઋષિ પોતાના વૃક્ષવેલીના બગીચામાં ઉભો ઉભો પતંગીઆની પાંખો અને સુગંધી પુષ્પોના વિવિધ રંગો શું જોયા કરતો હશે? અને પોતાનો શંખ-

નાદ કરી ભમરાઓનાં ઊંઘતાં ટોળાંને જ-ગાડી તેની શા માટે ગણત્રી કરવા માંગે છે? તે શું કહી શકશે કે આપણા સૃષ્ટિના ખાવિંદે પ્રથમ દીવસે. શું નાદ કરયો હતો? અને સઘળાં પ્રાણીઓનાં સ્થુળ અને સૂક્ષ્મ દેહમાં શી રીતે હયાતીનો દમ ફુંકયો હતો? તે કોણે જાયું હતું?

અહો! આશા! સ્વર્ગ અહીંથી કેટલુ છેટું છે! તે આકાશના કયા ખુણામાં છે? વળી કેટલા ડહાપણના દીકરા તે સ્થળે જુદે જુદે દરજજે જઇ બેસે છે? અને એ કયો ઋષિ પોતાની ડહાપણ ભરેલી આંખ ઈશ્વ-રના જેવા શાંત રસથી આકાશ તરફ ફેંકે છે? વળી સત્યયુગમાં સૂર્ય દેવનાં વખાણ કરી પહેલું બ્રહ્મતેજ કોણે શોધી કાઢયું? સૂર્ય આપણો દર્શનિક પિતા થાય, છતાં આપણને માનસિક સાધના અને માનસિક પૂજા કર-વાનું કોણે શીખવ્યું? ઈશ્વરના અગ્નિના

તેજોમય ભભૂકા અને મનુષ્યના અમર આત્માની શક્તિની હદ આપણે કેટલી કારીગરીથી બાંધી શકીશું ?

ઓ દેવના બાળકો? તું ખુશીથી ચકચકિત આંખે શું ઊંચું જોયા કરે છે ? આમ જો, અને ડહાપણને રસ્તે ચાલ. પેલા પવિત્ર કહેવાતા નવે ગ્રહો આપણી પાસે પાસેજ છે. હવે સાંભળ ! આ રૂદ્રમાળાના ઉંચામાં ઊંચા ઝરૂખામાં ચડીને સદાકાળ અનંત પ્રકાશમાં ભ્રમણ કરનારા વરૂણ (એટલે પાણીના દેવતા) આપણને ચળકતું જીવન આપી શું કંઈ કહ્યું હતું ? વળી પેલી જોગણીઓ હાથમાં શંખ, વીણા ને ખપ્પર લઇ પોતપોતાની ટેકરીઓ પર ગોઠવાઇ ઈંદ્રની અપ્સરાઓની માફક આ વર્ષાઋતુમાં મલ્હાર રાગ કેવો ચડાવે છે ? અને આકાશના ઘુમટના ઊંડા ઊંડાણમાંથી મહારૂદ્ર (એટલે મહાદેવ) જે ગર્જના કરે છે તે અને ઈંદ્રનાં નગારાનો

અવાજ તને કંઈ સંભળાય છે? અને શું તારા પગ નીચે ધર્મસ્વરૂપે ચાલનારા યમ રાજાના યમદૂત કાંઇ હોંકાટો કરતા નથી કે?

ઈશ્વરના પ્યારા! પેલી હંમેશાં હસતા મુખડાવાલી દેવી કોઇ ખુશનુમાં ચાંદની રાત્રે તારે માથે પોતાનું પ્રકાશિત તેજ મોકલશે અને તું બેહદ ખુશાલીથી એટલો તો ફુલાઇ જઇશ કે તારૂં મન પવિત્ર હરખથી ઘેલું થઇ જશે; તેની રક્ષા નીચે તું મધરાતે મસાણોમાં ભુતપ્રેત સાથે વાતો કરતાં ડરીશ નહી; તેમજ કોઇ પાપીને ભટકતો જોઇ તું તેની પૂછપાછ કરીશ; અને જો તેનાં લુગડાં લોહીથી ખરડાયેલાં હશે તો તું તે જાહેર કર્યા વિના રહિશ નહીં. પછી તું તેનાં ભૂંડાં કામ તારી કવિતાની કડીઓમાં ગોઠવી લેજે. અને પાપથી ધ્રુજતી દુનિયાં આગળ નર્કની વાતો વાંચી સંભળાવજે.

રાતનો પેહલો તારો ઉગ્યા પછી જ્યારે

રતી દેવી સોળે શણુગાર સજીને પોતાના ગુલાબી ચહેરે રાત્રી રાજ્યના તખ્ત ઉપર બિરાજમાન થાય છે, ત્યારે એ કેવા ઉદ્દેશથી પોતાના હાથમાં રાખેલી સોનાની ઝારીથી આ સૃષ્ટિ ઉપર અમૃત સીંચન કરે છે! ઓ! આનંદી પૂતળાં! એ તને એમ કહે છે કે રાતની ચાંદની ઘણી ઉપયોગી છે, માટે તે તું પ્યારની પાક મહોબતમાં અથવા દિલને આરામ આપનારી ગોજમાં ગાળજે. પણ એ દેવી શા માટે તરતજ ચહેરાપર જરા નરમાસ લાવી તને પાછો બોલાવે છે તે સાંભળ. તે તને તેની ઝારીમાંથી પડતાં નરમ હવના જેવું તારૂં ભાષણ અને ગાયન શીખવાની શિખામણ દે છે અને જો કોઈ વખત કોઇ મોહિનીના હાસ્યમાં અત્યંત ખૂબસૂરતી જોઈ તું તેના પર આશક પડે તો તુ શુ પસંદ કરશે? તારા ચિત્તનો ચટકો કે તારા કાળજાની કોર! તારી અકેકી હાય જો

બંસરીમાં બજતા મીઠા શરોદ જેવી હશે તો હું ખાત્રીથી કહું છું કે તે તારી માશુકના કાનમાં મધ રેડશે, અને તે નકામું નહિં જાય.

ભાઈઓ ! કુદરતના થડકતા દુઃખ ઉપર આપણે ફૂટની લીલા લેહેર કયારે કરીશું ? કે શું આપણે લાહ્ય બળી રહેલા આત્માઓને દુઃખમાં સુખ મનાવીને સંતોષની ગાંઠ વળાવ્યા કરીશું ?

ઓ ! ઇશ્વરે બક્ષેલી બુદ્ધિવાળા મનુષ્ય ! તુંજ હંમેશાં આગમચેતીઓ કર્યા કરે છે, અને આ મૃત્યુલોકમાં ઈશ્વરનો પંથ દેખાડવાની સત્તા પણ તુંજ ધરાવે છે. પેલા મગરૂબ અને પથ્થર જેવી છાતીના લોકો, જેઓ પોતા શિવાય બીજા કોઈના દુઃખ તરફ જોતા નથી, તેઓને પણ તું તારી વાણી રૂપી અમૃતથી દિલના દરવાજા મોકળા કરવાનું શિખવે છે. તારા મંત્રબળે

તે આકાશ સુધી સીડી બાંધી ઉદારતા દેવીને આ ભૂલોકમાં ઉતારી છે વળી આ દુનીઆના બધાં જીવતાં પ્રાણીઓમાં માણસ મોટો અને ન્યારોછે એવું તને પહેલુ કોણે જ્ઞાન આપ્યું? પણ જેમ તેં બીજા વર્ગો બાંધ્યા તેમ માણસના એક ટોળામાં જુદા વર્ગો બાંધવા નહોતા; અને તેં તારા મંત્રની બ્હીક લગાડીને આ કુદરતના અચળ ચક્કરમાંથી માણસને બાતલ કરવાનો હક્ક બેસાડ્યોછે તે શું ઈશ્વર વિરૂદ્ધ લડાઇ નથી? જો એ માણસ છે તો ભાઇ છે, અને ભાઈઓ ભાઇઓએ હેતથી હળીમળીને એક બીજાને સુખી કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

હવે "પરમેશ્વરના હુકમથી સવારની પરોડ નીકળેછે અને રતી દેવી પોતાની કચેરી બરખાસ્ત કરી ઊઠી જાય છે. અને એક ગુલાબી રંગના મખમલના આસન ઉપર પેલી તેજસ્વી ઉષા દેવી બિરાજમાન

થાય છે. તે સરસ્વતિની દાતા કહેવાયછે પણ તે મુખ્ય કરી ભક્તિનું ભુંગળું ફુંકે છે. અને એ કુંવારી દેવીછે તેથી આ ભૂલોકના ભક્તિમાન લોકોએ યોગ ધારણ કર્યો છે. એનું રૂપ નિરખીને સત્યયુગમાં તો કેટલાંક લોકોએ એને પૂછયું હતું કે ઓ! આકાશની પુત્રીઓ! ગુલાબી ઘોડી! તું ક્યાં જાય છે? તારૂં દિલ ક્યા પુરૂષે ખેંચ્યુંછે? પણ એ બાબતના ઉત્તરમાં તે કંઇ બોલતી નથી. પણ પોતાના પિતા સૂર્ય દેવ તરફ લાંબી આંગળી કરીને અલોપ થતી એ ઉષાને આપણે આ કળિયુગમાં ઓખા એટલે ગણુપતીની બહેન અને અનીરૂદ્ધની પ્યારીના નામથી ઓળખીયે છીએ.

હવે સૃષ્ટિમાં આંખ આવી તેથી સર્વ કંઇ અછતું હતું તે છતું થઇ ગયું અને આપણા બાપદાદાઓ જ્યારે મેરૂ આગળથી આ દેશમાં હીંડયા આવ્યા ત્યારે પ્રથમ ર૦

સ્નો તેમને જેણે દેખાડેલો તે સૂરજને આપણે પણ દીઠો. સૂર્ય દેવ બુદ્ધિનો દાતા છે અને ગાયત્રી મંત્ર એટલા માટે આપણા બ્રાહ્મણો પવિત્ર ગણેછેકે તેમાં બુદ્ધિને પ્રકાશિત કરવા માટે સૂર્યની સ્તુતિ છે. વળી આપણા કર્તાનું તેજ મનમાં નિહાળવાનું જ્ઞાન પણ સૂર્ય આપણને આપેછે. અને વારૂ આગલી અંધારી રાત્રે દિશાનો ભોગીયો કોણ હતો? શું પેલો ધ્રુવ થયો તે પહેલાં કોઈ તારો ન હતો કે? ઇશ્વરે બક્ષેલી બુદ્ધિવાળા મનુષ્ય! તું આવો વિચાર કરી તારા પવિત્ર માર્ગે ચાલ્યો જજે. ત્યાં આશા એજ તારો તારોછે, તે તારા હૃદયમાં સદા પ્રકાશિત રહેશે. અરે નિરાશ મનુષ્ય! તું તારા પ્રભુને ગળવાની કંઇ કાળજી રાખે છે કે નહિં?

ઓ! આશા!! અમારી ટંકણુગાડી જ્યારે કોઈ ગરીબ ઝુપડીમાં પરણેલું જોડું દમડે દુઃખી પણ પ્યાર અને સદગુણના

સાગરમાં રહેતું હોય અને તે પવિત્ર ઘર-ની પવિત્ર ખુશાલીમાં જ્યારે પેલી ઝેરી ચિંતા ભંગ પાડવા આવે અને જ્યારે તે-મની દયા લેવાનું કે તેમને ઓળખવાનું કોઇને પણ મન થતું નથી અને જ્યારે કોઇ એટલું પણ નથી જાણતું કે માણસ જાતના ઘણાંએક દુઃખો, ઈચ્છાઓ, અને અંતઃકરણ સરખાં છે ત્યારે, ઓ! દેવે દીધેલી આશા!! તું તારૂં હસતું મુખડું તે ઝુપડીમાં રાખજે, અને જે દુઃખો કંઇ ગણત્રી કરવા જેવા નથી તેને ત્યાંથી હાંકી કહાડજે.

વળી ઓ! મુસાફર!! તું કોઇ વિધ-વાને પોતાના નિરાધાર બાળકોને જમાડતાં જુએ અને જ્યારે કોઈ બાળક રોટલો માગે અને તે તેની પાસે નહિ હોય અને તે રડે ત્યારે તું તેને કહેજે કે હું તારા પતિના પંડ ઉપર 'ૐ શાંતિઃ'નો પડદો વાળીશ. અને

તેનાં બાળકોને માથે રક્ષાની ઢાલનું છત્ર ધરીશ. વળી જો તારી પાસે મગજની લાકુડીઓ અને મિઠાઇ મેવા જમાડવાની નહિં હોય તો કહેજે કે જ્યારે તું આમ અંધારામાં પડી રહો ત્યારે હું તારો આધાર થઇ તને મારી આંખોની રોશની અને મારા માથાના વાળ રહેશે ત્યાંસુધી રામે છાશથી પાળીશ, મારા ઉદ્યોગી હાથથી હું જરા સારૂ ઝુપડું બાંધીશ અને તેની આસપાસ નાનું ખેતર બનાવી તેને ફુલોથી શણગારીશ. વળી સારો મેઘ અને સારો દવ વરસાવવા હું મારા પ્રભુની પ્રાર્થના કરીશ, અને આ ઉજડ ગામડામાં આપણે કંઇક વધારે સુખથી રહી શકીશુ. અને જો પ્યારનું સ્વભાવિક હસવું તે વિધવાના મુખમાં જુએ તો કહેજે કે એ વદન જોયાથી મારા દિન આનંદમાં જશે અને મારી પરીણીઓ ઉજળી થશે.

જુઓ ! પેલી બેસણી ઊપર પેલું નાનું

બચ્ચું સૂતેલું છે. અને તેની માતા દિલગીરીથી શાંત ચહેરે તેના તરફ જુએ છે. એ બચ્ચું બાર બાદશાહી કરીને પડયું છે તે જોઇ તેની વિચારવંત માતા હાસ્ય કરે છે, અને તરતજ ખુશાલી અને દિલગીરી મિશ્રિત એક નવું હાલરડું જોડીને ગાય છે. "તારા બાપના નમૂના! ઊંઘ, શાંત રહે મારા દીકરા! દિલગીરીનો કોઇ ભિન્ન કલાક તારો નથી. મારાં નિર્દોષ બાળક! તું તારા પિતાના જેવો ગુણવાન અને શરીરે બળવાન અને બુદ્ધિનો તેજસ્વિ થજે. પણ અહા? તારા પિતાના કરમમાં તારૂં સુખ નહિં અને તારા કરમમાં પિતાનું સુખ છે. મારા પુત્ર! તું પુત્ર ભક્તિમાં તત્પર રહી સઘળી વાત વીસારે મૂકી તારા કીર્તિવંત પિતાને શાંતિ આપજે; અને એકાંતવાસમાં તું વારે વારે હસીને રમાડજે; અને ઉદારતાથી અણવાકેફ દુનિયાએ મારો તિરસ્કાર કરયો હતો તે દુઃખ તું મનમાં

લાવીશ નહિં."

હજી બચ્ચાંની આંખ ચ્હેરો ઓળખી શકતી નથી તેમજ જવાબમાં ચળકતી પણ નથી અને તેની અગાઉ માતાનો પ્યાર ઉપર પ્રમાણે બોલે છે. પણ પેલું બીજું બચ્ચું કે જે તોતડું બોલતાં શિખ્યું છે તે કેવા વહાલથી પોતાની માતાને બોલાવે છે! અરે! એ રમતિયાળ બાળક પોતાની માતાની સાથે આંસુનું ટીપું કેમ પાડે છે! પણ એની માતાએ હસતો ચહેરો કરયો, અને બચ્ચું પણ એને કેવું વળગી પડયું! હવે જુવો એની માતાને વાત કહે છે, અને તે આપણો કીકો કેવો ડાહ્યો થઇ પલાંઠી વાળી મગજ ખેંચતો સાંભળેછે! જો, જો! તે રાજી થયો. બાપના ખોળામાં જઈ બેઠો અને હવે આખું કુટુંબ ઈશ્વરની પ્રાર્થના કરવા ગયું અને ઓ! આશાપુરી! શું તું તેમના મ્હોં જોઇને હસતી નથી કે? પેલા ખુશીમાં આવેલા બાપનું મ્હોં પોતાની વહુનો

ખરો પ્રેમ અને તેની નિર્મળ છાતી જોઇને કેવું ચળકાટ મારે છે !

દુઃખની રંજ, મહેનત અને મુશીબત અને એકાંત વાસની બેચેનીમાં મારી સાથે ભાગ લેવાને પરમેશ્વરે કોને નિર્માણ કરી છે ? તેની શોધમાં નિકળેલો હું મારા સુખના દીવસોનો મગજમાં વિચાર કર્યા કરતો હતો. તેં ટાણુની મારી અંધારામાં ભટકતી આંખો આજે મારી સ્રીનું વદન, તેનો સ્વભાવ અને તેની તનદુરસ્તી જોઇને વારે વારે કેવી ટાઢી થાય છે ! મને જાણે લાંબી મુદતથી ખોએલો એક મિત્ર મળ્યો છે, જાણે મારૂં મરી ગયેલું બાળક પાછું સજીવન થયું છે, અને હવે હું મારા શિયાળાની તાપણી આગળ બેશીને મારૂં સાદું ભોજન આનંદથી જમું છું, તેમાં જાણવાનું માત્ર એટલુંજ છે કે દુઃખ સંભારી રાખવા ઉપર સદ્ગુણની હતેહ થઈ છે.

મગરૂર તકરારખોર માણુસ ! એ ભલા માણુસની શાંતિનો તિરસ્કાર કરીશ નહિ. તેમજ જે ખુશાલી તેં ઉત્પન્ન કરી નાથી તેમાં ભંગ પાડવાનો પ્રયત્ન પણું કરતો રખે ! તુંજ કબુલ કરેછે કે આ દુનિયાંનું સુખ ક્ષણિક છે. ત્યારે જે કંઈ જીંદગીની મહેનત ભરી ભરતીને આગળ ઠેલે છે અને મધરાતે ચહેનમાં ખુશાલ નિંદ્રામું સીંચન કરે છે, તેમાં ક્ષણ એક ઉમેરો કરવાની તારી ફરજ સમજેછે કે નહિ ? સાંભળ પેલા ગાંડાનું જંગલી જેવું ભાષણ ! તે પોતાના આશકના વહાણુને તોફાનમાં ધસડાતું જોઇને કેવો આક્રંદ કરે છે ! બિચારી દીલગીરીનું પુતળું ! જ્યાં તે વહાણુ ડુબ્યું ત્યાંજ સ્થિર થઇ રહ્યુંછે. અરે ! પણ તેનો ફિક્કો ચેહરો તણે જોયો અને એ કેવી કાળી રાડ ! પોતાના બે હાથના આંકડા ભરાવી એ કેવી ગાંડી આંખથી જુએછે ! અરે ! દુઃખી વિધવા તું હવે ફોકટજ તારા નાથનો શોક

કરે છે. અરે ! શું ! કંઈ ગાંડી થઈ ? તારૂં ભાન ક્યાં ભૂલી ગઈ ? જા. તારા દુઃખ ઉપર મલમ પટ્ટા હવે પેલો સાધુ બાંધશે. તે તારા મગજને શાંતિ આપશે. પણ હવે સાચેસાચ તારો ધણી મળવાનો નથી.

બિચારી હવે તો શ્રીકૃષ્ણ લીલાનાં વખાણ કરી પોતાનાં હૈયાંને રીઝવે છે. પોતાના કાળીરાતનાં સ્વપ્નામાં પણ પુરૂષને તાકીને જોવાની આશા રાખતી નથી. બિચારી નિરાશ જોગમાયા જોગ લઇને માયામાં બેઠી છે. અને સાંભળો એ દુઃખી પુતળીની કહાણી. બિચારી જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં દુનિયા એની કંઇ દરકાર કરતી નથી. આ મૃત્યુલોકમાં એને ક્યાંએ ટાઢક વળતી નથી. બિચારી નિર્દોષ બાળા ! પોતાના પાપને પરિતાપે છાતીમાં સરાડા પડે એવા કારી ત્રા સિસકાર વગર ખમે છે. પણ જ્યારે હવે તે વધારે પાપ કરી શકવાની નથી ત્યારે તેને જોઇ કેમ કોઈનું

દિલ પીગળતું નથી ? અહંકારી માણસો તેની સામું લાગણી વગર જોઇ ચાલ્યા જાય પણ એટલો વિચાર ન કરે કે જ્યારે એક દોસ્ત જીતાં બધાં એને તજી બેઠાં છે ત્યારે આ ભવસાગરના દરિયામાં એ પોતાનું વહાણ કેમ કરી કાંઠે પહોચાડી શકશે ?

દરિદ્રતાના ઉજડ રસ્તાપર આપ અનાદિકાળથી પડેલો છે. દુનિયાં તેને ધિક્કારતી આવી છે, અને એ રસ્તે વસનારા લોકોને આપણે ઘરવિનાના રઝળતાજ રહેવા દીધા છે. તોપણ જ્યારે કોઈ જંગલનો ઋષિ કોઈ નાના ગામડાંની સુગંધી વાડ પાસેથી સાંજ વખતે વટાય અને કોઇ ઝુપડીની આસપાસના કુંજવનમાં ડોલર, ચંપો અને ગરવો બહેકી રહેલો જુએ ત્યારે તે ત્યાં આવી એટલું તો ભાષણ કરશે કે અહો પ્રભુ ! મારી પાસે આવું ઘર હોય તો હું કેવો હરખમાં ને હરખમાં રહું ! ગામની ધર્મસાળા

મારા મુડદેહાલ શરીરને યોગ્ય નથી. ઠંડા પ-
વનના ઝપાટાથી હું ઉલટો વધારે માંદો પડું છું.
પણ ના ! જેની સંભાળ લેવાયલી નથી,
તેની સંભાળ લેવાનો હું ઉદારવૃત્તિવાળા મ-
નુષ્યોને બોધ કરીશ, અને તે તેમને ગળે
ઉતરે તે માટે હું જ્યારે ઈશ્વરની પ્રાર્થના
કરીશ ત્યારે મારા મનની આશા મને સ-
ફળ કરશે.

આશા ! જ્યારે નશીબે દીધેલાં દુઃખ
અને શરીરે લાગેલાં રોગની પીડાથી હું
રોઉં છું ત્યારે તું સુખરૂપ નિશાનીનો રૂમાલ
ફરકાવી મને હુકમ કરે છે કે જો ! ઊંચું
જો ! હજી તો કંઇ કંઇ ખુશાલીના દિનો
આવવાના છે. અને જ્યારે હું આ સૃષ્ટિની
અગમ ગોઠવણીના ચક્કર ઉપર નજર ઠેરાવી
માણસને માથે વીતિ ગએલાં દુઃખોનો ઇતિ-
હાસ સાંભળું છું ત્યારે ભવિષ્યને માટે ડહા-
પણ શિખું છું.

ચકચકિત સુધારા ! આવ ! તું આવ આ કાળની ગાડીમાં બેશીને, અને હિંદુસ્તાનની નવખંડ ભૂમિકાના વિસ્તીર્ણ પ્રદેશ ઉપર તારૂં રાજ્ય જમાવ ! કળા કુશળતા તારી ચાકરીમાં હાજર રહી અમારા જંગલોના ગીચ ખૂણા તપાસી નાખશે. તું અમને વહાણમાં બેસાડી દરિયાનું માપ અમારી પાસે કરાવજે: અમે સઘળે કાંઠે જ્યાં લંગરવાર થઇશું ત્યાં ફેંગાવાયલાં બીજની રોપણી કરીશું, નર્મદાકાંઠે જ્યાં હજીએ વાઘ સંતાઇ રહે છે અને ભૂતડાં જેવાં ભીલડાં ડીક્કાં ઉપાડી નિડરપણે ભટકે છે જ્યાં માણુસના શત્રુ, ચોરટા, ફાંસીઆ વિગેરે મધરાતે દેખા દે છે, ત્યાં ભરવાડોનાં ઘેટાં અને ગોવાળોની ગાયો આનંદથી ચારો ચરશે. અને દરેક પવિત્ર તપસ્વિ કુદરતની ખૂબસુરતીથી ભરપૂર એવાં સુંદર ગામડામાં દર્શન દેવાને નિકળી આવશે. અને રાજ્યસત્તા

પાસે આસપાસની ટેકરીઓ પર દેવમંદિર બંધાવી તેના ઘંટનાદને દેવનું તેડુ જણાવી જંગલી લડાઇખોર લોકોને રાજ્યના ઉપદેશકો પાસેથી સુધરેલો ધર્મબોધ કરાવશે અને ભાઇચારાનો આચાર શિખવાશે.

ૐ શાંતિઃ ! શાંતિઃ ! ! શાંતિઃ ! ! !

તૈયાર થાય છે.

નાટીજ, મનોરંજક, અદ્‌ભુત વાર્તા !

સ્હાટા ત્રણ લાખ.

(એક મ્હોટી ચોરી)

પાનાં લગભગ ૪૦૮; કિંમત રૂ. ૧॥.

અગાઉથી કિંમત રૂ ૧.

રચનાર—મોંઝુભાઈ મ. ત્રિવેદી.

એન. એમ. એન્ડ કું૦

બુકસેલર્સ તથા કમીશન એજંટસ.

કાલબાદેવી રોડ—મુંબઈ.

ગુમાનસિંહ અથવા સત્યનો જય.

કિંમત રૂા. ૧; પછીથી રૂા. ૧॥.

રચનાર—વ્રજરાય વ. દેસાઇ,

ઠે. સ્ટેશન માસ્તર, દાદર.

નવલગંગા.

કિંમત રૂા. ૧; પાછળથી રૂા. ૧॥.

રચનાર—ગોપાળજી કુ. દેલવાડાકર.

એન. એમ. કું૦ કાળબાદેવી રોડ,

મુંબઈ.